## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**ઇમ્પેક્ટ ફી (GRUDO-2022) અરજીની કામગીરી માટે રજીસ્ટર્ડ થયેલ એન્જીનિયર્સની યાદી માટે જાહેર નોટીસ**

આથી જણાવવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં તા.૩૦/૦૯/૨૦૨૨ કે તે પહેલાં થયેલ અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વટહુકમ નં. ૦૩/૨૦૨૨, તા. ૧૭/૧૦/૨૦૨૨થી અમલમાં આવેલ છે. જે અંગે જાહેર જાણતા દ્વારા કરવાની થતી અરજીની કામગીરી વ્યવહારૂ વ્યાવસાયિક ફી (reasonable professional fee) લઈ કરવા માટે ઈચ્છુક રજીસ્ટર્ડ એન્જીનિયર/ રજીસ્ટર્ડ સ્ટ્રક્ચરલ એન્જીનિયરોની યાદી અ.મ્યુ.કો.ની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવાની છે, જેથી નાગરિકોને ઇમ્પેક્ટ ફી ની અરજી માટે સરળતાથી એન્જીનિયરનો સંપર્ક કરવામાં સહાયરૂપ થઈ શકાય. સદરહુ કામગીરી કરવા માટે ઈચ્છુક રજીસ્ટર્ડ એન્જીનીયરો/સ્ટ્રક્ચરલ એન્જીનીયરો દ્વારા સદર કામગીરી કરવા બાબતની જાણ નિયત સંમતિપત્રકમાં અ.મ્યુ.કો. નગર વિકાસ ખાતાની મધ્યસ્થ કચેરી, ત્રીજો માળ, બી બ્લોક, સરદાર પટેલ ભવન દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતે કરવા જણાવવામાં આવે છે. જે અંગેની જરૂરી માહિતી તથા સંમતિપત્રકનો નમુનો અ.મ્યુ.કો.ની વેબસાઈટ (https://ahmedabadcity.gov.in) પરથી **Download> GRUDO-2022** પરથી મેળવી શકાય છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રકાશિત**